સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સિંહ-વાઘ-દીપડા અહીં પરપ્રાંતના આવે છે,
અહિંસક ફળદ્રુપ ભૂમિ અને ખૂબ ફાવે છે
બોલાવે એનાં સગા-વ્હાલાં ને પણ ચરી ખાવા -
નયાવે વસ્તીને સરકારની તિજોરી ચાવે છે
(ગુજરાત ભાગ્યશાળી, બધા પ્રકારનાં હિંસક પ્રાણી ધરાવે છે)

હાઈકુ

અહીં આવીને,
થાય વાઘ-દીપડા
બિલાડી પણ...
(ગુજરાતનું ફોરેસ્ટ)

અહીં ખાય છે,
પશુ-માનવ-ધન
છતાં ગૌરવ?!
(બધાં રાજ્યોમાં નંબર વન)

ચિંતન

રોગેચ્છા સુખદુ:ખાદિ, બુદ્ધો સત્યાં પ્રવર્તતે ।
સુષુપ્તૌ નાસ્તિ તન્નાશે, તસ્માદ્‌બુદ્ધેસ્તુ નાત્મન : ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

રાગ, ઈચ્છા, સુખ અને દુ:ખાદિ બુદ્ધિ હોય ત્યારે પ્રવર્તે છે અને સુષુપ્તિમાં તેનો નાશ થવાથી તે જણાતાં નથી, તેથઈ તે બુદ્ધિનાં છે પણ આત્માનાં નથી.

રાગ-દ્વેષ, સુખ-દુ:ખ, તાપ-સંતાપ-રોગ-પીડા અને ઋતુ જન્ય આફતો રોગ બધું જ શરીરને થાય છે અને તે પણ મન અને બૌધિક વિચાર દ્વારા થાય છે જો આત્મજ્ઞાન જાગૃત થઈ જાય તો વિચારક તટસ્થ થઈ જાય અને 'શરીર' થી અલગ થઈ જાય પછી પીડા-દુ:ખ જેવું કંઈ જ રહેતું નથી.

સુવિચાર

- સમયના અભાવની ફરિયાદ કરવી એ દરિયામાં પાણી ઓછું હોવાની માછલીની ફરિયાદ જેવું છે - **માર્ક ફોસ્ટર**
- સત્ય થી હેરાન થવું એ જુઠાણાંથી સંતોષ માનવા કરતાં સારું છે - **ડેવિડ એલન**
- મહાવરો કદી પૂર્ણતા લાવતો નથી, માત્રને માત્ર પૂર્ણ મહાવરો જ પૂર્ણતા લાવી શકે છે - **કોચ લોમ્બાર્ડી**
- સંઘર્ષમાંથી જ બળ આપે છે, અરે, પીડા પણ અદ્‌ભૂત શિક્ષક બની શકે છે - **રોબિન શર્મા**
- બતકની જેમ બોલવાનો મતલબ નથી, ગરુડની જેમ ઉડ્ડયન કરો - **પ્રેરણા પાટિલ**
- નિરાશાવાદી પવન બાબતે ફરિયાદ કરે છે, આશાવાદી પવન બદલાશે તેની આશા રાખે છે, તેના શરને ગોઠવે છે - **જહોન મેક્સવેલ**
- આજનું ઔષધ : કોળાના બીજને સુકાવીને પાઉડર બનાવી સાંજે નવશેકા પાણીથી લેવાથી દારૂનું વ્યસન લાંબે વાળે છુટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ચેક રિપબ્લિકમાં એક મધ્યમવર્ગની મહિલા હતી. ડૉકટરે તેમને કેન્સર હોવાનું નિદાન કર્યું હતું. ડૉકટરોએ એને કહ્યું હતું કે વધુમાં વધુ તે એકાદ વર્ષ જીવી શકશે. જો જીવન લંબાવવું હોય તો મોંઘી દવાઓ અને ઈંજેકશન લેવા પડશે. મહિલા પાસે ઈલાજના પૈસા ન હતા. હવે ૧૨ જ મહિના જીવવાનું છે તેમ સ્વીકારી લીધું અને નક્કી કર્યું છે કે એક એક ક્ષણનો તે સદ્‌ઉપયોગ કરશે. તેણે ગરીબ બાળકો અને નિરાધાર લોકોની સેવા શરૂ કરવાનો નિર્ણય કર્યો. ઘરની આસપાસના ગરીબ બાળકોને રમતો રમાડવી. તેમને વાર્તાઓ કહેવી. એમ દિવસ પસાર કરવા લાગી. એને સાથે સાથે કેન્સર પીડીતોની સેવા માટે દેશમાં અખબારો, રેડિયો, ટી.વી. વગેરે માધ્યમો થકી આર્થિક મદદ માટે અપીલ કરી. કેન્સરના અંતિમ તબક્કામાં હોય તેવા દર્દીની જાણકારી તેણે દેશવાસીઓને પહોંચાડી. નાના-મોટા અનેક લોકોએ આર્થિક મદદ માટે સારો ફાળો આવ્યો. અને તે ફાળામાંથી અદ્યતન મશીનવાળી કેન્સર હોસ્પિટલનું બાંધકામ પણ શરૂ થઈ શક્યું. છ મહિનામાં તો બીજા પડોશના દેશમાંથી કેટ સ્કેન અને સોનોગ્રાફીના મશીન મફતના ભાવે દાનરૂપે મળી રહ્યા. આ મહિલા આ બધી સેવા પ્રવૃત્તિમાંથી એવી વ્યસ્ત રહી કે તેને તે વાતનો ખ્યાલ જ ન રહ્યો કે પોતે ડૉકટરના મતે તો ૧૨ મહિના જ જીવવાની હતી. તે વરસ કયાં પસાર થઈ ગયું તેનો ખ્યાલ જ ન રહ્યો. તે પહેલાં કરતા વધુ વ્યસ્ત હતી પણ ખુશ અને ઉત્સાહિત પણ હતી. તેણે ફરી પોતાની ડાકટરી તપાસ કરાવી તો ખબર પડી કે કેન્સર ગાયબ થઈ ચૂક્યું છે. ડૉકટરને પણ નોર્મલ રિપોર્ટ જોઈ ને નવાઈ લાગી. તેણે ડૉકટરને કહ્યું, 'આ કેન્સર મારા ઉત્સાહ અને સેવાભાવનાથી ડરીને જતું રહ્યું છે.' તે મહિલા હતી. મેડમ મારીયા ગોમ્ઝ.

આતંકવાદને ઊછરતો જ અટકાવવાની જરૂર

તંત્રીસ્થાનેથી...

આખરે ઉરી કે પુલવામા અથવા એ પૂર્વે બનેલ મુંબઈની જઘન્ય આતંકવાદી ઘટનાઓમાં સામેલ 'અપરાધી માનસા'નું એનાલિસિસ કરવામાં આવે તો મોટા ભાગના ટીન એજર્સ એને અંજામ આપતા હોવાનું તારણ નીકળશે. આવા લવરમૂછિયા છોકરડા એક યા બીજા કારણસર એમના અભણ ગરીબ માતાપિતાને ખબર પણ ન પડે એ રીતે કોઈ અંધારી રાતે ઘર છોડી દે છે અથવા સવારે નીકળ્યા પછી મોડી રાત લગી રાહ જોવડાવ્યા છતાં પાછા નથી વળતા. એ કયાં છે, શું કરે છે એની પણ એમના વાલીઓને ખબર નથી હોતી. પછી એકાએક પુલવામા કે મુંબઈ બોમ્બ બ્લાસ્ટની કોઈ હૃદયદ્રાવક ઘટના બને છે ત્યારે એને અંજામ આપનાર આવો કોઈ તરુણ હતો એ જાહેર થાય છે. પુલવામા પાસેના ગામડાનો બારમા ધોરણની પરીક્ષાની તૈયારી કરતો છોકરો ઘરેથી નાસી ગયો અને જૈશે મોહંમદ જેવા ખૂંખાર આતંકી જૂથ સાથે જોડાઈ ગયો એની એના અભણ બાપને ખરેખર ખબર નહીં જ હોય તે માની શકાય ખરું ? પણ સવારથી સાંજ વેગળી હોય એવા બહોળા પરિવારને બારોબાર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળવા લાગે એટલે કદાચ છોકરો ભલે એમની તહેનાતમાં રહ્યો એવું સમાધાનકારી વલણ અપનાવાનું ઉચિત પણ લાગે. પુલવામા હુમલાનો ખલનાયક એના જઘન્ય કૃત્ય પૂર્વે વીડિયો જાહેર કરે છે જે બધું ખતમ થઈ ગયા પછી સરક્યુલેટ થાય છે. એના બાપને કલ્પના પણ નહોતી કે ઘર છોડી ગયેલો છોકરો આટલી હદે જશે; એ આત્મઘાતી બોમ્બર બનીને અનેક સૈનિકોનો હત્યારો બની જશે. બની શકે કે દુખિયારા બાપનું નિવેદન સાચું ન પણ હોય. પરંતુ એક વાત ઊડીને આંખે વળગે એવી છે કે આ વયજૂથના કિશોરોને જ આવા દુ:સાહસ માટે ઉશ્કેરવામાં આવતા હોય છે. એમનું બ્રેઈન વોશિંગ કરવું અઘરું નથી હોતું. ધર્મના નામે, કોમના નામે કે કોઈ વ્યક્તિ તરફથી નિષ્ઠાના નામે આ વયજૂથના તરુણો જાતે મરવા અને બીજા અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવા તૈયાર થઈ જતા હોય છે. મુંબઈ બોમ્બકાંડમાં જીવતો પકડાયેલો કસાબ એનું ઉદાહરણ હતો એમ પુલવામા કાંડમાં સીઆરપીએફનું વાહન ઉડાવી દેનાર આદિલ અહમદ દાર પણ એવું જ બીજું ઉદાહરણ છે. એ વારંવાર પથ્થરબાજીમાં ભાગ લેતો રહ્યો હતો. ભણવાનું છોડીને ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાયેલા છોકરડાને જૈશના તાલીમબાજોએ જીવતો બોમ્બ બનાવી દીધો તેની તો એના અભણ બાપને ખબર જ ન રહી. પાક આર્મી આતંકી સંગઠનો કે બદનામ બાદ જાસૂસી સંસ્થા આઈએસઆઈ આવા સોફ્ટ ટારગેટ શોધી કાઢી એમને ખૂંખાર હુમલાખોરો તરીકે ઉછેરે છે. આ ઉછેર બંધ કરી શકાય તો ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન થતું અટકાવી શકાય. કાશ્મીર સમસ્યા ત્યાંની પ્રજા માટે એક ઈમોશનલ મુદ્દો છે - એને લટકતો રાખીને કે લશ્કરી ધોરણે દબાવી દેવાથી આ ઉછેર પર વખત પૂરતું જ નિયંત્રણ આવશે. ખરી જરૂર તો ઘરે ઘરે પહોંચીને ભારત વિરોધી માનસિકતા બદલવાની છે.

સંવિધાનનો ત્રીજો પાયો ન્યાયપાલીકા પતનની અણી ઉપર

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

આપણા જીવન અને વ્યવસ્થામાં લોકતંત્રના તત્વ જે રીતે ખતમ થઈ રહ્યા છે તેનાથી લાગે છે કે આપણે ત્યાં ગણતંત્ર પુરા થવામાં કેટલીય અડચણો છે.

દેશનું અહિત ઈચ્છવાવાળાએ એવી હાલાત ઉભી કરેલ છે જે લોકશાહિ ઉપર આપણને ગર્વ હોવો જોઈએ એ વૈધાનિક તાનાશાહિમાં બદલાય ગઈ છે જનતા મુકદર્શક બની જોયા કરે છે જેનાથી દેશના દુશ્મનો કમજોર બનવાની જગ્યાએ મજબુત બની રહ્યા છે.

કોઈપણ રાજયનું સંવિધાન તેનું ચરિત્ર્ય હોય છે જેની પ્રજા થકી સન્માન થવું જોઈએ અને તે નિર્મલ જળની જેમ તમામ નાગરિકોને ખુશહાલી પ્રદાન કરતું હોવું જોઈએ અને રાષ્ટ્રનું નિર્માણ થવું જોઈએ.

નાગરિકોને અધિકારોની ભેટ આપતું સંવિધાન હોવું જોઈએ અને તે નાગરિકોના કર્તવ્યો દ્વારા અનુશાસીત બનાવે તેવું હોવું જોઈએ જેનાથી પ્રત્યેક ઉદ્દેશોને પ્રાપ્ત કરવાનો માર્ગ આસાન બનવો જોઈએ.

ભારતીય સંવિધાનની મુળ અવધારણામાં સામાજીક ન્યાયની વાત સમાયેલ હોવી જોઈએ. પ્રજા તંત્ર વ્યવસ્થાની મજબુતી માટે જરૂરી છે કે રાષ્ટ્રની આમ જનતાનો રાજનૈતિક દળો જનપ્રતિનિધિઓ, ન્યાઈક સંસ્થાઓ અને ન્યાય પ્રણાલી પ્રત્યે વિશ્વાસ કાયમ રહી શકે.

પરંતુ વાસ્તવમાં દેશની જનતા આવું મહેસુસ કરી રહી છે શું દેશની સર્વોચ્ચ કાનુન નિર્માત્રી સંસ્થા સાંસદની ગરીમાં કાયમ રાખવા માટે સાંસદ પોતાની જવાબદારીનું પાલન કરી રહ્યા છે? શું ભારતની ન્યાય પ્રણાલીમાં દેશની જનતાનો વિશ્વાસ કાયમ છે? શું ન્યાયના અભાવમાં લાખો લોકો તણાવ ભરી જીંદગી જીવવા મજબુર નથી થવું પડતું? શું ખોટા કેસોના કારણે ભારતની પોલીસ જવાબદાર નથી? શું નિર્દોશને વર્ષો સુધી જેલની કોટડીમાં બંધ રહેવાની મજબુરીના પાછળ ભારતની ન્યાઈ પ્રણાલીમાં આવેલ ભ્રષ્ટાચાર જવાબદાર નથી? શું લાંબા સમય સુધી ન્યાય ના મળવો એ ન્યાય ના મળવા બરાબર નથી? શું દેશની અદાલતોમાં ત્રણ કરોડથી વધારે કેસો વિલંબીત પડયા છે. નિર્ણયની રાહ જોતા પડેલા છે. જે ન્યાયની વિશ્વાસનીયતા ઉપર શંકા વ્યક્ત કરે છે. શું દેશવાસીઓની વારંવાર મુદ્દતમાં હાજરી આપી કોર્ટ કચેરીના ચક્કર કાપવા વકિલોની મોંઘી ફી ચુકવવી વર્ષો સુધી ન્યાઈક પ્રણાલીની ખામીઓને ભાંડતા રહેવું એજ એક કામ છે? જેવી રીતે વાસ્તવિક અપરાધીઓ ખુલ્લેઆમ ફરી રહ્યા છે. કાનૂની ટેકનિકલ બાજીની છટકબારીનો ભરપુર ઉપયોગ કરી લાખો કરોડોની છેતરપીંડી આચરી બેન્ક ગોટાળા કરી વિદેશ ભાગી જવું અને ભારતની અદાલતમાં હાજર ના રહેવું એજ ન્યાઈક પ્રણાલી ચાલી આવશે કે તેમાં સુધારો થશે. જનતાને ખરા અર્થમાં ન્યાય કયારે મળશે ગોટાળાના કૌભાંડોના નાણા પુનઃ કયારે ભરશે શું સુપ્રિમ કોર્ટ આના માટે કોઈ વાસ્તવિક ઉપાય સુચવશે. અપરાધીઓ ઉપર કડક કાર્યવાહી કરી શકશે?

અપરાધિક સાંઠગાંઠ, ભ્રષ્ટાચાર અને કાનૂનની ટેકનીકલ ત્રુટીઓ અપરાધીઓને બચાવવા કારથડ નિવડે છે. પોલીસ અને પ્રશાસન અપરાધીઓનું પકડવામાં ના મુકરર છે ૨૨૦૦૦ થી વધારે અપરાધીઓ ગુજરાતમાં વોન્ટેડ છે પછી કેવી રીતે આમ આદમી ન્યાય મેળવી શકે.

આજ વિધાયક ઉગ્ર શબ્દોમાં ચેતવણી ભર્યા શબ્દોમાં ન્યાયપાલીકા ઉપર પ્રહાર કરી રહ્યા છે તો બીજી તરફ ન્યાયપાલીકા બેબસ રીતે લાચારી ભરી સ્થિતિમાં અન્યાયની વિરૂધ્ધ અવાજ ઉઠાવતા સાહસ ભેગું કરી રહી છે. પોલીસની કાર્યવાહી સરકારને આધીન છે. ન્યાયપાલીકા એ વાતમાં હેરાન પરેશાન છે કે આ સરકાર અને તેમાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓને આપણા સંવિધાન અને કાનુનમાં અધિકાર અને સુરક્ષા મળેલ છે એના રહેતા આ સભંવ નથી કે ન્યાયપાલીકા એના ઉપર કોઈ અંકુશ લગાવશે અને ભારતીય સંવિધાનનું સર્વોચ્ચ સ્તંભ બેબસ અને લાચાર ઉભેલ પ્રતિત થાય છે તેમ છતાં ન્યાયપાલીકાએ એક કડક પગલા ભરતા કેટલાય મંત્રીઓને જેલમાં પહોંચાડેલ છે.

આઝાદીના ૭૦ વર્ષ બાદ પણ આપણે કેમ નથી બનાવી શકતા એક મજબુત સંવિધાન ન્યાયપાલીકા લોકપાલીકા અને રાજકારણના ત્રિભેટે સંવિધાન લાચાર હારેલું ઉભેલું દેખાય છે. આપણી જ અદાલતો આપણી જ પોલીસ અને આપણા જ સરકારી અધિકારીઓ હોવા છતા ૭૦ વર્ષ પછી પણ દેશની ન્યાયપાલીકા મજબુત કેમ નથી? સરકારી અધિકારી ન્યાઈક આદેશોની અવમાનના કરી સંવિધાનની મસ્કરી કરી રહ્યા છે. સરકાર બનાવવા વાળી જનતા કેમ બની જાય છે ન્યાયાલોયોની યાચક?

દેશની સંસદ અને વિધાનસભામા અધિકતર અપરાધીક છબીવાળા લોકો હજારોની સંખ્યામાં છે. અડધી સંસદ બેઈલ ઉપર છે અને દેશના સંવિધાનનું ચીરહરણ આવા અપરાધીક સાંસદ અને ધારાસભ્યો દ્વારા છડેચોક થઈ રહ્યું છે અને જનતા મુકપ્રેક્ષક બની તમાશો જોયા કરે છે. અપરાધીક છબીવાળા સાંસદોને અયોગ્ય ઘોષીત કરવા ન્યાયપાલીકા અસમર્થ છે અને રાજકિય પાર્ટીઓ મજબુર છે. કોઈપણ અપરાધીને કોઈપણ સર્વોચ્ચ પદ ઉપર બેસાડી શકાય નહિ તેવા નિયમ સાંસદો ધારાસભ્યોને કેમ લાગુ પડતો નથી શું કાયદા માત્ર આમ જનતા માટે મર્યાદિત છે. નેતાઓને આવી છુટ કેમ આપી છે. અપરાધીક મંત્રીઓ સાંસદોની સુનવણી સુપ્રિમ કોર્ટમાં કેટલાય વર્ષોથી પેન્ડીંગ કેમ છે?

દેશના અરબો રૂપિયાનું કાળુ ધન વિદેશમાં જમા છે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ તેમાં કેમ કોઈ કાર્યવાહી થતી નથી? અને કેમ તેમના નામ બહાર પડતા નથી જેમના કાળા નાણા સ્વીસ બેન્કમાં જમા છે.

દેશના સંવિધાનમાં અત્યાર સુધી ૧૧૫ વખત સંશોધન થઈ ચુક્યા છે અને બીજા ૧૦ થી ૨૦ થવા જઈ રહ્યા છે લાગે છે કે આઝાદિના ૭૦ માં વર્ષમા આપણે ફરી એકવાર નવું સંવિધાન બનાવવાની દિશામાં વિચારવું પડશે તો જ આ દેશને ખરી આઝાદી મળશે અને પ્રજાને ઝડપી સરળ અને સસ્તો ન્યાય મળશે.

આવો, શહિદોની શહાદતને લાયક બનીએ

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગાઢવી

મારું માથું સલામત રહે બસ એટલી જ ચાહત હતી,
હું સૂઈ જાઉં ત્યારે મા ને એ ચૂમવાની આદત હતી.
- ડો.હિતેશ પટેલ 'હિત'

પુલવામા એટેકથી આખો દેખ ખળભળી ઉઠ્યો. પળવારમાં બધું જ જામે થંભી ગયું ! પણ આ સોશિયલ મીડિયાનું પ્લેટફોર્મ એક જવાળામુખીની જેમ ફાટી નીકળે છે! કળ વળે ત્યાં સુધી રાહ જોવાની પણ સંવેદનશીલતા ન હોય ? તરત બીજી જ ક્ષણે બદલો, યુદ્ધ એવા પ્રકારના સાવ પાયાવિહીન મેસેજીસ ફરતા થઈ જાય એ યોગ્ય ગણાય? આપણા ઘરમાં મૃત્યુ થાય ત્યારે આપણે આ રીતે વર્તીએ છીએ ? ૧૨ દિવસ એટલે જ વિવિધ પ્રકારના રીત-રિવાજો અને વિધીઓ મરણોપરાંત હોય કે જેથી મૃત્યુનો સ્વીકાર થઈ શકે! આ શહીદ યુવાનો મૃત્યુ પામ્યા છે એ સહન કરવાની એમના પરિવારને શક્તિ આપી શકાય કે આટલી મોટી હોનારતને એ સ્વીકારી શકે એટલી ધીરજ તો આપણે રાખી શકીએ કે નહિં ? આતંકવાદી હુમલાખોરને આ શહીદ જવાનો કે ફૌજી ભાઈઓથી કોઈ અંગત (Personal) દુશ્મનાવત થોડી હતી ? ભારત રાષ્ટ્રની શાંતિને નષ્ટ કરવાના હેતુથી પ્રતિકરૂપે દેશની રક્ષા કરી રહેલા વીર સૈનિકોની નિર્દયતાથી હત્યા કરનારા આ આતંકવાદીઓને સંવેદના તો ઠીક માનવતા પણ કયાંથી હોવાની?

રાષ્ટ્ર પર જયારે કોઈ સંકટ આવે ત્યારે એવા સંજોગોમાં અર્થ વગરની વાતો, પાયાવિહોણા આક્ષેપો અને વાહિયાત પ્રકારની રાજનીતિથી ઉપર ઉઠીને કોઈ ચોક્કસ ચર્ચા ન થઈ શકે? કદાચ આપણે આ પૂરી બાબતને સંપૂર્ણપણે જાણતા ન હોઈએ ત્યારે મૌન તો રહી શકાય ને ? મોતનો મલાજો ન જાળવી શકીએ તો આપણે પણ આ દેશના જવાબદાર નાગરિક કઈ રીતે ગણાઈએ ? શહીદોએ શહાદત વહોરીને તેમની ફરજ સુપેરે અદા કરી પણ શું આ દેશના એક જવાબદાર નાગરિક હોવાની આપણી ફરજ વોટ્સએપ મેસેજીસમાં ગુસ્સો વ્યક્ત કરવા પૂરની જ છે? શહીદોની શહાદત એળે ન જાય અને આપણે દેશ માટે કંઈક કરી છૂટીએ તો જ આ દેશ પ્રત્યેનું અને શહીદો પ્રત્યેનું ઋણ અદા કરી શકાય. ટ્રાફિક સિગ્નલ પર ગ્રીન લાઈટ થવાની તૈયારીમાં હોય ત્યારથી જ હોર્ન માનવાનું શરૂ કરી દેનારા આપણે એવી કઈ ઉતાવળ છે? કયાં પહોંચવું છે? પાનની પિચકારી મારીને ગંદકી ન ફેલાવીએ, ચોરી-લૂંટફાટ કે નાના-મોટા ઝઘડા ન કરીએ તો એ પણ દેશ પ્રત્યેની પ્રાથમિક ફરજ બજાવી જ ગણાય. દેશ માટે જીવ આપી દેનારા શહીદોના પરિવારજનોની શું હાલત થતી હશે, જયારે આ દેશની કોઈ દીકરી પર નિર્દયતાથી કોઈ બળાત્કાર કરતું હશે ? શું આવા નાગરિક માટે તેમના એકના એક દીકરાએ જીવ આપ્યો ? શહીદોની શહાદત પર ગર્વ થાય એવા નાગરિક બનવું એ આપણી ફરજ છે.

"લ્યો, છડેચોક જિંદગી લીલામ કરી દીધી,
મોતને ખુમારીથી એણે સલામ કરી દીધી."

શહીદોના પરિવારજનોને આર્થિક મદદ પહોંચાડવી અને એ માટે લોકોમાં જાગૃતિ કેળવવી તેમજ મદદ કઈ રીતે પહોંચાડવી એ અંગે લોકોને માહિતી આપવી એ પ્રકારની બાબતોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ બાબત ગણાય. આપણા માટે જે યોગ્ય અને શ્રેષ્ઠ છે એ આપણે કરી છૂટવું. આતંકવાદીઓના મનમાં તો એક પ્રકારની નિરાંત હશે કે તેણે પોતાના દેશ માટે કંઈક કર્યું. હકીકત શું છે તે આપણે સૌ જાણીએ છીએ પણ દરેક વ્યક્તિને પોતાનો આગવો મત, પોતાની આગવી સૂઝ-સમજ હોય છે. 'આતંકવાદ' નામના ભીષણ દૂષણને કઈ રીતે નાબૂદ કરી શકાય અને એ માટે દેશના નેતાઓ, બ્યુરોક્રેટ્સ અને ફૌજી યુવાનો સૌ સાથે મળીને ચર્ચા-વિચારણા કરે તે જરૂરી છે. આપણા ૪૨ યુવાનો શહીદો સામે તેમના બીજા ૪૨૦૦ મારવાથી આ દૂષણ નાબૂદ થોડું જ થઈ જશે ? આ જવાબદારી, આ ફરજ કોની છે અને કોણે તેણે સંપૂર્ણપણે બજાવવી એ આપણે સૌ જાણીએ જ છીએ. દેશભરમાંથી લોકો શહીદોની મદદ માટે, તેમના પરિવારજનોની આર્થિક સહાય માટે આગળ આવ્યા તે ચોક્કસપણે પ્રસંશનીય બાબત છે પણ આ આખીયે ઘટનાને ઉપરછલ્લી રીતે મૂલવીને ક્ષણિક આગેવમાં આવી જવાથી શું વળે ? શું આવનારા વર્ષો દરમિયાન 'વેલેન્ટાઈન ડે' ની ઉજવણીને બંધ રાખીને એમાં કરવાનો તમામ ખર્ચ આપણે આ શહીદોના પરિવારને આપી શકીશું ? સમય જતાં આ બધું ઠંડુ પડી જશે અને ભૂલાઈ જશે અને સૌ કોઈ પોતપોતાની રોજિંદી દિનચર્યામાં વ્યસ્ત થઈ જશે.

માટે, શાંતચિત્તે બેસીને વિચારીએ કે આ પ્રકારની પરિસ્થિતિ સર્જાય જ નહીં કે ઓછી સર્જાય તેવા પગલાં યોગ્ય ઓથોરિટી દ્વારા લેવાય. યુદ્ધ, ખૂન, નફરત એવી શાબ્દિક ચર્ચાઓથી શહીદોની મોતને લજવી ન દઈએ તો સારું ! આજ સુધી દેશમાં જેમણે શહાદત વહોરી તેના પરિવારજનો આજે પણ કઈ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે તે જાણવાનો પ્રયાસ કરીને એ માહિતી સોશિયમ મીડિયા પર મૂકીશું તો કદાચ આ પ્લેટફોર્મનો ખરો ઉપયોગ થયો ગણાશે! આપણાથી આપણા દેશ પ્રત્યેની ફરજ વફાદારીપૂર્વક નિભાવી શકાય તો એ જ આ વીરોને સાચી શ્રદ્ધાંજલિ! આવો, શહિદોની શહાદતને લાયક બનીએ.

Last Seen :

અસ્ત જતા રવિ પૂછતાં અવનિને,
સારશો કોણ કર્તવ્ય મારાં!
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભા સહુ
મોં પડ્યા સર્વના સાવ કાળાં,
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું :
મામૂલી જેટલી મારી ત્રેવડ પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું !'

- ઝવેરચંદ મેઘાણી

nehalgadhavi101@gmail.com

કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીને મહામંત્રી તરીકે બહેન પ્રિયંકાની હૂંફ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

મૂળ ગુજરાતના ભરૂચના ગાંધી અટકધારી પારસી પરિવાર અને મૂળ કાશ્મીરી કૌલ-નેહરુ પરિવારના વંશજ રાહુલ રાજીવ ફિરોઝ ગાંધી અને એમનાં બહેન પ્રિયંકા ગાંધી-વાડ્રા હવે કૉંગ્રેસને ફરી સત્તા સુધી લઈ જવા મેદાને પડ્યાં છે. દક્ષિણ ગુજરાતમાં કૉંગ્રેસ માટે ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી માટે કેન્દ્રમાં સત્તા પુનઃપ્રાપ્તિ માટે શુકનિયાળ ગણાતા વલસાડના લાલડુંગરી મેદાન પર ૧૪ ફેબ્રુઆરીએ કૉંગ્રેસની ભવ્ય સભા યોજીને કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ચૂંટણીપ્રચારના શ્રીગણેશ કર્યા. કૉંગ્રેસનાં નવનિયુક્ત મહામંત્રી પ્રિયંકા ઉત્તર પ્રદેશમાં કામે વળ્યાં છે.સંયોગવસાત્ જમ્મૂ-કાશ્મીરમાં મહાઆતંકી હુમલો થયાના આ જ દિવસે સમાચાર આવતાં ભાઈ-બહેને પરિપક્વ પ્રતિક્રિયા આપીને દેશ પરના હુમલાના સંજોગોમાં સમગ્ર દેશ સંગઠિત હોવાનો પરિચય આપ્યો. હવે લોકસભા ચૂંટણી થશે કે પાછી ઠેલાશે, એની ચર્ચા શરૂ થઈ ગઈ છે.ચૂંટણી નિર્ધારિત સમયે થાય તો તેમાં કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલની સફળતા-નિષ્ફળતા તો મતદારોને હાથ છે. ભવિષ્યવાણીઓ અત્યારથી થવા માંડી છે કે બેઉ જણ કૉંગ્રેસને ડૂબાડશે અને ભાજપ આ વખતે ૪૦૦ બેઠકો સાથે ફરીને વડાપ્રધાનપદે નરેન્દ્ર મોદીને આરૂઢ કરશે.બાત કુછ હઝમ નહીં હુઈ.કારણ? વર્ષ ૨૦૧૪માં સાથી પક્ષોના વડાપ્રધાનપદના ઉમેદવાર મોદી લોકપ્રિયતાના શૃંગ પર હતા ત્યારે પણ તેમના પક્ષને માત્ર ૩૧ ટકા જેટલા મત સાથે ૨૮૨ બેઠકો મળી હતી. હવે તો એમના મોરચાના મુખ્ય સાથીઓ સાથ છોડીને ગયા છે કે જવામાં છે ત્યારે ૪૦૦ બેઠકોની ભવિષ્યવાણી કઈ રીતે સાચી પડી શકે? દેશની પ્રજાને હજુ ચમત્કારોમાં વિશ્વાસ પડે છે. ક્યારેક ભાજપની નેતામંડળી લોકસભાની ૫૪૩ બેઠકોમાંથી ૩૭૫ની તો ક્યારેક ૨૭૫ બેઠકોની તો પછી ૪૦૦ બેઠકોની ઘોષણાઓ કરતી રહે છે.અમે જ જીતવાના છીએ એ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહેલા ભાજપની નેતાગીરીને અંદાજ આવી ગયો છે કે વર્ષ ૨૦૧૪થી વિપરીત આ વેળા વિપક્ષો સંગઠિત છે, વચનો પળાયાં નથી, નિવેદનસૂર પક્ષ તરીકે વચનોની લહાણી હજુ કરાઈ રહી છે, વિપક્ષી નેતાઓ પાછળ છોડી મૂકાતી સીબીઆઈ અને ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ જેવી કેન્દ્રની એજન્સીઓ હકીકતમાં તો વિપક્ષી મોરચાને વધુ મજબૂત કરવાનું નિમિત્ત પૂરું પડે છે. રાફેલ યુદ્ધવિમાન સોદાનો વિવાદ હજુ કેડો છોડતો નથી. વિપક્ષી ''મહાગઠબંધન''ને ''મહામિલાવટ'' ગણાવવામાં જોખમ વધવા માંડ્યાં છે.

મહાઆતંકી હુમલા પછીનો માહોલ

જોકે જમ્મૂ-કાશ્મીરના પુલવામામાં સેન્ટ્રલ રિઝર્વ્ડ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના કાફલા પર ૧૪ ફેબ્રુઆરીએ ભયાનક આતંકી હુમલામાં ૪૦થી વધુ જવાનોનાં મોત થયાં.રાજ્ય અને કેન્દ્રમાં સત્તા ભાજપના હાથમાં હોવાથી ચૂક થયાનું કબૂલવા સિવાય આરો નહોતો, છતાં આ મુદ્દે રાજકીય આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા છે. કેન્દ્ર સરકારને સૂઝ્યું કે કરવો ઘટે અને કડક કાર્યવાહી કરવી જોઈએ. તાજો મહાહુમલો જૈશ –એ-મોહમ્મદ દ્વારા થયાનું આ ત્રાસવાદી સંગઠને સ્વીકાર્યું છે.વાજપેયી યુગમાં અપહૃત વિમાનના પ્રવાસીઓના સાટામાં છોડી મુકાયેલા ત્રાસવાદી અને ભારતમાંથી જેલમુક્ત થયા પછી પાકિસ્તાનમાં રહીને જૈશ-એ-મોહમ્મદ જેવા ત્રાસવાદી સંગઠનની સ્થાપના કરીને સંસદ અને અન્યત્ર પર હુમલા કરાવનાર મૌલાના મસૂદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાના ભારતના અનુરોધને ચીને ફરી ફગાવ્યો છે.

- **વિપક્ષી નેતાઓ પાછળ છોડી મૂકાતી કેન્દ્રની એજન્સીઓ વિપક્ષી મોરચાને વધુ મજબૂત કરવાનું નિમિત્ત બની જાય છે**
- **ભાજપી સાંસદો મેજર જનરલ બી.સી.ખંડૂરી, ડો.મુરલી મનોહર જોશી અને કલરાજ મિશ્રના તાજા અહેવાલ ચિંતાજનક**
- **પાકિસ્તાનને અત્યાર લગી અપાયેલો "મોસ્ટ ફેવર્ડ નેશન (એમએફએન)"નો દરજ્જો રદ કરવાનો આખરે નિર્ણય થયો**
- **જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મૌલાના મસૂદ અઝહરને "વૈશ્વિક ત્રાસવાદી" જાહેર કરવાના અનુરોધને ચીને ફરી ફગાવ્યો**

છેલ્લાં પાંચ વર્ષમાં આતંકી હુમલાઓ, શહીદ જવાનો અને માર્યા ગયેલા નાગરિકોની સંખ્યાના સરકારી આંકડા વધતા જ ચાલ્યા છે. હવે યુદ્ધ એ જ કલ્યાણનો અવાજ બુલંદ થઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ,ચૂંટણી મોકૂફ રાખીને પણ યુદ્ધ કરી લેવાની વાતો સત્તાવર્તુળોમાં થવા માંડી છે. યુદ્ધ કરવાના સંજોગોમાં બે જોખમ છે: પાકિસ્તાને હુમલા સાથે પોતાનો સંબંધ નકાર